અ.સ.પ.ક. : એઈસી/૧૧૯૩/૬૯૨૭/ક,
ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ,
ગુજરાત સરકાર,
બ્લોક નં.૫, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦
તારીખ : ૨૦-૭-૧૯૯૬

**રાજકુમાર**
**નાયબ સચિવ**

સ્નેહીશ્રી પરમારજી,

ગ્રામ્ય પંચાયતોના વારિગૃહોને વિનામૂલ્યે વીજળી પુરી પાડવા બાબતે આપના પત્ર ક્રમાંક : પરચ-૧૦૯૫/૭૧૦-પી ના તા.૧૫-૬-૯૬ના અનુસંધાને જણાવવાનું કે અગાઉના માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા તા.૨-૫-૮૯ના રોજ કરવામાં આવેલ જાહેરાતને ધ્યાનમાં લઈ તા.૧-૫-૮૯થી ગ્રામ પંચાયતોમાટે વારિગૃહોના વીજદર યુનટ દીઠ ૨૫ પૈસા અને નગર પંચાયતો માટે વારિગૃહોના વીજદર યુનિટ દીઠ૪૫ પૈસા નક્કી કરવામાં આવેલ છે. આ દરો ગુજરાત પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડની ગ્રામ પંચાયતો અને નગર પંચાયતોની પીવાના પાણીની યોજનાઓને પણ લાગુ પડશે.

૨. ગુજરાત વિદ્યુત બોર્ડ, અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપનીએ વારિગૃહોના વીજદરોના આ સુધારાથી થતાં ખરેખર નુકશાનની ગણતરી કરી સબસીડી માટેની દરખાસ્ત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને કરવાની રહે છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ઉપર્યુક્ત સબસીડી માટેનીજોગવાઈ તેનાબજેટમાં પાણી પૂરવઠાની પ્લાનસીલીંગ સામે કરી અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની અને સુરત ઈલેક્ટ્રીસીટી કંપરનીને વારિગૃહ માટેના વીજદરોમાં થયેલ ઘટાડાથી નુકસાન માટે સરભર કરશે તેમ આ વિભાગનાતા.૨૪-૧૦-૮૯ના પત્રથી આપને તથા અન્ય સંબંધિતોને જાણ કરેલ હતી. (નકલ સામેલ છે.)

૩.સદર નિર્ણય મંત્રીમંડળની મંજુરી મેળવ્યા બાદ કરવામાં આવેલ હતો. તેથી ગુજરાત વિદ્યુત બોર્ડઅને અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લિ.ને વારિગૃહના વીજ દરોના આ સુધારાથી થતાં ખરેખર નુકશાન સરભર કરવા માટે જરૂરી કાર્યવાહી કરી, અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપનીને લ્હેણી નીકળતી રકમ તાત્કાલિક ચૂકવણી કરવા વિનંતી છે.

૪.સદર બાબતે આપે કરેલ કાર્યવાહીની જાણ આ વિભાગને કરવા વિનંતી છે.

આપનો સ્નેહાધીન

(રાજકુમાર)

શ્રી એમ.જી. પરમાર,
નાયબ સચિવશ્રી,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર